અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ને ઉત્તમ કક્ષાના
આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે
ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અજાક-૧૦૧૪-ન.બા.૯૯-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૭/૦૮/૨૦૧૪

<u>વંચાણમાં લીધા-</u>

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તારીખ:-૨૫/૦૬/૨૦૧૪નો પત્ર ક્રમાંક:- અજાક/ગ-૧/૫/૨૦૧૪-૧૫/૮૧૦૧

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૦૭/૨૦૦૮નો ઠરાવક્રમાંક:અનશ-૨૦૦૭-ન.બા.૩-ગ

<u>ઠરાવ:-</u>

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના હોશિયાર વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવી પોતાનું જીવનધોરણ ઊંચું લાવી શકે તે માટે તેઓને નામાંકિત આવાસીય વિદ્યાલયોમાં પ્રવેશ આપી અભ્યાસ કરે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા બાબતે આદિજાતિ વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ(૨)ના ઠરાવથી અનુસૂચિત જનજાતિ માટે અમલમાં મૂકવામાં આવેલ યોજનાના ધોરણે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે પણ આ યોજના અમલમાં મૂકવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ માટે અનુસૂચિત જાતિના ધોરણ-૫ના પાંચ(૫) તેજસ્વી વિદ્યાર્થીઓ અને ધોરણ-૧૦ના પાંચ(૫) તેજસ્વી વિદ્યાર્થીઓ એમ કુલ રાજયના 33 જિલ્લાના 330 વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૪૦,૦૦૦/- લેખે કુલ રૂ.૧૩૨.૦૦ લાખની વર્ષ ૨૦૧૪-૧૫માં નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી.

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં અનુસૂચિત જાતિના મેધાવી વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવી પોતાનું જીવનધોરણ ઊંચું લાવી શકે તે માટે તેઓને નામાંકિત આવાસીય વિદ્યાલયોમાં પ્રવેશ આપી અભ્યાસ કરે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા બાબતની વર્ષ ૨૦૧૪-૧૫માં કરવામાં આવેલ જોગવાઈ રૂ.૧૩૨.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

(૧) પ્રસ્તુત યોજના અંગેના ધોરણો આદિજાતિ વિકાસ વિભાગની યોજના મુજબના રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજવખતોવખતના લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે.

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. રા. ગાંધીનગર.
14 AUG 2014
આવક નંબર........૨૧૦૫

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૯) ભારત સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૦) આ અંગેની યોજના અંગેના ચોક્કસ નિયમો તૈયાર કરી રાજય સરકારની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ યોજનાના ચોક્કસ નિયમો તૈયાર કરી સરકારની મંજૂરી મેળવી અમલ કરવાનો રહેશે.

આ અંગેનો થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી ક્રમાંક ૯૫-અનુસૂચિત જાતિ પેટાયોજના, મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ , પેટા મુખ્ય સદર-૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-બીસીકે- . ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિના મેધાવી વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી બનાવી પોતાનું જીવનધોરણ ઊંચું લાવી શકે તે માટે તેઓને નામાંકિત આવાસીય વિદ્યાલયોમાં પ્રવેશ આપી અભ્યાસ કરે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા સહાય મંજૂર કરવા બાબત સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(દિપલ હડીયલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીની નાયબ સચિવશ્રી
- મા. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા.),માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી(નિયામકશ્રી મારફત)
- તમામ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત),જિલ્લા પંચાયત(નિયામકશ્રી મારફત)
- બજેટ શાખા(સા.ન્યા.)
- પસંદગી ફાઈલ.

નં. અજાક/૧૦૧૪/ન.બા,-૯૯/ગ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તારીખ- ૦૬/૧૨/૨૦૧૪

## યાદી

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની તા. ૧૭/૧૦/૨૦૧૪ ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા અંગેની દરખાસ્ત અન્વયે વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૯/૧૧/૨૦૧૪ થી મળેલ સંમતી મુજબ સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં લોકસભાની ચૂંટણી ના કારણે આ યોજનાને માહે ઓગષ્ટ-૨૦૧૪ માં મંજૂરી મળવાથી આ વિભાગ દ્વારા ચાલુ નાણાકિય વર્ષ ૨૦૧૪-૧૫ માં વહીવટી પ્રક્રિયા ના અમલમાં ઘણો સમય લાગે તેમ હોઇ માત્ર ચાલુ વર્ષ માટે આદિજાતિ વિકાસ વિભાગની ચાલુ યોજના મુજબની પસંદ થયેલ શાળાઓમાં નીચે મુજબ અમલીકરણ કરવાનું રહેશે..

પ્રસ્તુત બાબતે ચાલુ વર્ષ પુરતી આદિજાતિ વિકાસ વિભાગે પસંદ કરેલ શાળાઓમાં રાજ્યના 330 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પસંદગી કરી આ શાળાઓ સાથે જરૂરી કરાર કરી જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી વાર્ષિક રૂ. ૪૦,૦૦૦/- ની મર્યાદામાં વિદ્યાર્થીદીઠ ખર્ચ કરવાનો રહેશે.

આ વિભાગના તા. ૭/૮/૨૦૧૪ ના ઠરાવની શરતો યથાવત રહેશે.

(દિપલ હડિયલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના.
પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) (નિયામકશ્રી(અજાક)મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી(અજાક)મારફત)
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સેકશન અધિકારશ્રી(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિ., વિભાગની વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.

9 - DEC 2014
આવક નંબર....૨૯૦૩